૪૦ / ૮૫૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૧:૧૫] (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦) [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ નીલકંઠ ચરિત્ર)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તમારો સાચો ભાવ હશે તો તમને પ્રગટ પ્રભુ અહીં જ મળશે.'
૨. 'અમારામાં વૈરાગ્ય અને તપના ગુણ આપો.'
૩. 'જ્યારે સાધુ થવાની ઇચ્છા થાય ત્યારે, મને શોધતો શોધતો કાઠિયાવાડમાં આવજે.'
૪. 'અમારું નામ સહજાનંદ.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ભયના માર્યા ભૂતો નાસી ગયા.
૨. શિવજીએ નીલકંઠને સાથવો અને મીઠું આપ્યાં.
૩. જીઅર સ્વામી નીલકંઠવર્ણી પર ખીજાયા.
૪. સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપાયા બાદ સૌ હરિભક્તોની આંખોમાં આંસુ આવ્યાં.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. બે સ્વરૂપે દર્શન.
૨. કૃતઘ્ની સેવકરામ.
૩. તેલંગી બ્રાહ્મણનો ઉદ્ધાર.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. કૃષ્ણ તંબોળી નીલકંઠને શું જમાડતો ?
૨. નીલકંઠ વર્ણીએ કુલ કેટલો સમય વન વિચરણ કર્યું ?
૩. કાળા પર્વત પર કોણે નીલકંઠ વર્ણીને જમાડ્યા ?





૪. નીલકંઠે લક્ષ્મણજીને ક્યાં શ્રીરામચંદ્રજીરૂપે દર્શન આપ્યાં ?
૫. રામાનંદ સ્વામીને સ્વપ્નમાં કોણે અને ક્યાં દીક્ષા આપી ?
૬. નીલકંઠ વર્ણીના ડાબા પગમાં કયાં કયાં ચિહ્નો હતાં ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. નીલકંઠે ચીભડાં ઉપાડ્યાં.
૨. જમાદારને સમાધિ.
૩. ગોપાળ યોગીનો મેળાપ.

**પ્ર.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** ૪

૧. નીલકંઠ જનકપુરમાં .......................... સરોવરને કાંઠે આવીને રહ્યા.
૨. ............................ રાક્ષસે નીલકંઠને સરયૂ નદીમાં ધક્કો માર્યો.
૩. નીલકંઠ વર્ણીએ હિમાલયને ............................ નો માર્ગ પૂછ્યો.
૪. લોજની વાવ પર નીલકંઠ વર્ણીને ............................ સ્વામી મળ્યા.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ-૧)**

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'મારે તો બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે.'
૨. 'આજે સાજા કરવા છે, આવો મળીએ.'
૩. 'સોરઠ દેશના સત્સંગીને માટે અહીં મંદિર કરો.'
૪. 'એને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાવ, તે સાધુ કરશે.'

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. જોબનપગીનું પ્રાણ પંખેરું ઊડી ગયું.
૨. મુનિબાવા શ્રીજીમહારાજના આશ્રિત થયા.
૩. શાસ્ત્રીજી મહારાજ આશાભાઈને ભેટ્યા.
૪. નિર્ગુણ સ્વામીએ હરિભક્તને મીઠા ઠપકાનો પત્ર લખ્યો.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. ગુણાતીતાનંદ સ્વામીએ શુકમુનિને કરાવેલ સર્વોપરી નિષ્ઠા.
૨. કશિયાભાઈને સમજાયેલો મહારાજનો મહિમા.
૩. ઝીણાભાઈની ભક્તો પ્રત્યે આત્મબુદ્ધિ.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૬**

૧. કયા બે ભાઈઓના સંકલ્પથી શાસ્ત્રીજી મહારાજે આરસનું મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો ?

૨. બ્રહ્માનંદ સ્વામીએ રચેલાં બે મંદિરનાં નામ આપો.

૩. 'આ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.' તેવું મહારાજ કોના માટે કહેતા ?

૪. દેવાનંદ સ્વામીના ગાનવિદ્યાના ગુરુ કોણ હતા ?

૫. 'રે શિર સાટે નટવરને વરીએ.' આ પદ વારંવાર કોણ બોલતું ?

૬. ઝીણાભાઈએ કમળશી વાંઝાનો ખાટલો ઉપાડ્યો તેથી મહારાજ કેટલીવાર તેમને ભેટ્યા ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. બ્રહ્માનંદ સ્વામીને કંતાન આપ્યું નહિ.

૨. મહારાજની હાજરીમાં ઝીણાભાઈનો દેહત્યાગ.

૩. જીવુબા રથમાંથી ઊતરી ગયાં.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. નીલકંઠની કલ્યાણયાત્રા

૨. ચારિત્ર્ય - સત્સંગવૃદ્ધિનો પાયો

૩. આપણાં હૃદય - પ્રમુખસ્વામી મહારાજની સાચવણી